R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 52 DATE: 31-12-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામામાં સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના જન્મદિવસે મોદીએ પાઠવેલ શુભકામનાની શિવસેનાએ ટીકા કરી



ભારત પાકિસ્તાનના સંબધો ચાલી રહેલ તંગદીલી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફને તેમના જન્મદિવસે આપેલી શુભકામનાી શિવસેનાએ વેધક ટીકા કરી હતી અને કહ્યુ હતું કે છત્રપતિ શિવાજીએ ક્યારેય દેશના દુશ્મનોને એવી રીતે શુભકામનાઓ પાઠવી નહોતી.

મોદીએ તાજેતરમાં મુંબઈમાં શિવાજી સ્મારકનું જળપુજન કર્યુ હતું.પોતાના પાર્ટી મુખપત્ર સામના ના સંપાદકીયમાં શિવસેનાએ કહ્યુ હતું કે શિવાજી મહારાજના વિચારો અંગે સૌથી અદભુત વાત એ છે કે તેઓ સ્વરાજ્યના દુશ્મનોને દેશના દુશ્મન માનતા હતા.શિવાજી મહારાજે ક્યારેય ઔરંગઝેબ,અફઝલખાન અને શાઈસ્તા ખાનને જન્મદિવસે શુભકામના પાઠવી ન હતી.

ભાજપે રાજકીય લાભ લેવા માટે મરાઠા દિગ્ગજની વારસાઈ પર દાવો કરવા માટે સમારોહનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો છેતેમ જણાંવતાં મુખપત્રમાં લખાયું છે કે અમે નેતાઓને એટલું જ કહી શકીએ કે તેઓ નીચલા સ્તરનું રાજકારણ રમવા માટે શિવાજીનો ઉપયોગ ન કરે.જે લોકો છત્રપતિ શિવાજીના અધિકારો માટે દાવા કરી રહ્યા છે તે લોક અંતમાં ધુળમાં ફેકાશે.

## કોગ્રેસ આગેવાની હેઠળ નીકળેલી વિપક્ષની રેલીમાં નોટબંધીની આકરી ટીકા કરતાં કહેવાયું પ્રયોગ નિષ્ફળ ગયો છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોટબંધીના નિર્ણય અને ભ્રષ્ટાચારના વિરોધમાં કોગ્રેસની આગેવાની હેઠળ વિપક્ષોએ તેમની આકરી ટીકા કરી હતી.કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ સહારા-બિરલા દ્વારા મોદીને નાણાં અપાયાનો આક્ષેપ ફરી ઉચ્ચાર્યો હતો. રાહુલે કહ્યુ હતું કે ૩૦ તારીખ નજીકમાં જ છે.પરંતુ દેશમાં મુશ્કેલી યથાવત છે.બીજી બાજુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે મોદી સવારથી રાત સુધી બધાને ડરાવે છે. સરકાર જ ડરાવવા લાગે તો કેમ ચાલશે ? માયાવતીને પકડો, સોનિયાને પકડો,મમતાને પકડો, લાલુને પકડો આ બધું શું છે ? આજે દેશમાં સુપર ઈમરજન્સી ચાલી રહી છે.મોદી તાત્કાલિક રાજીનામું આપે. નોટબંધીનો હેતુ સર્યો નથી તે નિષ્ફળ નીવડી છે.

પત્રકાર પરિષદમાં કોગ્રેસ ટીએમસી ઉપરાંત આરજેડી,મુસ્લીમ લીગ,જેએમએ, એઆઈઈયુટીએફ, અને જેડીએસ સામેલ થયા હતા.પરંતુ સપા,બીએસપી,ડાબેરીઓ, જદ(યુ) અને એનસીપી અપેક્ષા મુજબ ગેરહાજર રહ્યા હતા. રાહુલે કહ્યુ હતુ કે પૈસા બદલવા માટે એક નવું બ્લેક માર્કેટ તૈયાર થઈ ગયુ છે તેની અસર નબળા અને ગરીબ લોકોને થઈ



છે.સાત વર્ષમાં સૌથી વધુ બેરોજગારી આજે છે.વડાપ્રધાને તેનો જવાબ આપવો જોઈએ.અમારા જે અધિકારો છે તે ઝુંટવી લેવાયા છે. જર્મની હોય કે અમેરિકા તમામ કેશ પર જ ચાલે છે.કેશલેસ ઈકોનોમીના નામે આ તમામ ફેસલેસ થઈ ગયા છે.

રાહુલ પછી મમતા બેનરજીએ પણ નોટબંધીના મામલે વડાપ્રધાનની ટીકા કરી હતી.તેમણે કહયુ હતું કે અમે નોટબંધીના મુદ્દે વાતચીત કરી છે.આ એક મેગાસ્કેમ છે. આઝાદી પછી એવું ક્યારેય બન્યું નથી.દેશની અર્થવ્યવસ્થા નબળી પડી ગઈ છે. દરેક માણસ રડી રહ્યો છે. મોદીજીએ કહ્યુ હતું કે તે અચ્છે દિન લાવશે, શું આ અચ્છે દિનના પુરાવા છે ?ગરીબોના પૈસા લુંટીને એનપીએના નામે પોતાના નજીકના લોકોને ફાયદો આપી રહ્યા છે.

ટુંકમાં કહીએ તો મોદી સરકારની નોટબંધીએ વિરોધ પક્ષોને મોરચો માંડવા સક્રિય કર્યા છે.નોટબંધીને કારણે વિરોધપક્ષોમાં ધીમે ધીમે એકતા સ્થપાવા માંડી છે.નોટબંધીથી ઉભી થેયલી પરિસ્થિતિને સરકાર સુધારી શકી નથી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં પરિસ્થિતિ એકદમ કઠીન બની છે. ખેડુતો લાચાર બની ગયા છે.કચરામાં શાકભાજી ફેકી દેવા પડ્યા છે. હવે જો મોદી સરકારને નહી જાગે તો વિપક્ષો વધુ મજબુત બની જશે તેમાં લગીરેય શંકા નથી.

## ગુજરાતમાં દસ લાખ લોકો વર્ષોથી ઇન્કમટેક્ષ રિટર્ન ફાઇલ જ કરતા નથી

દેશમાં ૬૮ લાખ કરદાતા એવા છે કે જે મોટી રકમના બેન્કીંગ ટ્રાન્ઝેકશનો કરી રહ્યા છે પણ આવકવેરાનું રિટર્ન ફાઈલ કરતાં નથી.ગુજરાતમાં ૧૦ લાખ કરદાતાઓ નોટબંધી પછી એવા શોધી કાઢવામાં આવ્યા છે કેજેમના આઈટી રિટર્ન ફાઈલ જ થયા નથી.નાણાંકીય વર્ષ ૧૪-૧૫ના નાણાંકીય વ્યવહારો મોટો જોવા મળ્યા છે તેની સરખામણીમાં ૧૫-૧૬માં રિટર્નની સંખ્યા ઓછી છે.આવકવેરા વિભાગે કરદાતાઓને શોધી કાઢવાની ઝુંબેશ શરુ કરી દીધી છે.અને ડિસેમ્બર માસ પછી તેઓને નોટીસ આપવાનું જારી કરવામાં આવશે.નોટબંધી મોટી રકમની કેશ બેન્ક ખાતામાં જમા થઈ છે તેમને આવકવેરા દ્વારા પુછપરછ કરવામા આવશે.પણ ગૃહીણીઓના ખાતામાં રુ.૨.૫૦ લાખ સુધી કોઈ તપાસ થવાની નથી તેવી સીબીડીટીએ જાહેરાત કરી ચે.પરંતુ પાનકાર્ડ ધરાવતી મહિલાઓના ખાતામાં મોટી રકમ જમા થઈ હશે તેમને આવકના સ્ત્રોત પુછવામાં આવી શકે છે.આવકવેરા વિભાગે બેન્કો, એન્યુઅલ ઈન્ફોમેશન રિટર્ન, ટીડીએસ ઓફીસ તેમજ સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ બ્યુરો કે જે આવકવેરા માટે માહીતી એકત્રીત કરે છે તેના આધારે રિટર્ન ફાઈલ નહીં કરતાં કરદાતાઓને નોટીસ આપવામાં આવશે.અમદાવાદ સહિત રાજયની કો.ઓ.બેન્કો અને રાષ્ટ્રીયકૃત બેન્કોમાં સેવિગ્સ ખાતામાં છેલ્લા ત્રણ વર્ષમાં નાણાંકીય લેવડદેવડ મોટા પ્રમાણમાં થઈ છે તેની માહીતી મેળવી લીધી છે.હાલમાં એસેસમેન્ટ પ્રક્રિયા ચાલી રહી છે.ડિસેમ્બર સુધીમાં તમામ કામગીરી પુર્ણ કરવામાં આવશે. સીબીડીટીએ આદેશ આપ્યો છે અને ત્યારબાદ દરોડાની કામગીરીમાં જોડાઈ જવા સ્પષ્ટ આદેશ આપી દીધો છે.

## ફિલિપાઇન્સમાં નાતાલની સંધ્યાએ કેથલિક ચર્ચ ખાતે વિસ્ફોટ થતાં ૧૬ને ઇજા પહોચી

ફિલીપાઈન્સમાં દક્ષિણ વિસ્તારમાં અશાંત ટાપુ મિન્ડાનોઓ ખાતે કેથલિક ચર્ચ બહાર નાતાલ પર્વની સંધ્યાએ પ્રાર્થના વખતે જ વિસ્ફોટ થતાં ૧૬ લોકોને ઈજા પહોચી હતી.ક્રિસમસ અને ન્યુઈયરની ઉજવણી વખતે કાયદો વ્યવસ્થા જાળવવા દક્ષિણ એશીયાના ઘણા દેશોમાં એલર્ટ આપવામાં આવ્યુ છે. ઓસ્ટેલીયા અને ઈન્ડોનેસીયા દાવો કરી ચુક્યા છે કે તેઓ ષડયંત્રો નિષ્ફળ કરી ચુક્યા છે.મલેશિયામાં કેટલાક શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે.સલામતી દળો શંકાસ્પદોની ધરપકડ કરી ચુક્યા છે.પોલીસે જણાવ્યુ હતું કે મોટાભાગના ઈજાગ્રસ્તો ચર્ચની બહાર ઉભેલા હતા.વિસ્ફોટ થતાં ચર્ચમાંથી લોકો વિખરાઈ ગયા હતા. બોમ્બ નિષ્ણાંતો વિસ્ફોટની તપાસ કરી રહ્યા છે કે વિસ્તારમાં કોઈ અન્ય બોમ્બ તો નથી મુકાયાને.બોમ્બ વિસ્ફોટની જવાબદારી કોઈ જુથે સ્વીકારી નથી. પરંતુ વિસ્તારમાં મુસ્લીમ બળવાખોરો સક્રિય છે અને ભુતકાળમાં પણ વિસ્ફોટો થયા છે.મનીલા ખાતેના અમેરીકી દુતાવાસે પોતાના નાગરિકોને દક્ષીણના ટાપુઓ તરફ સફર ના કરવા ચેતવણી આપી છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

નોટબંધીનો વડાપ્રધાન મોદીએ કરેલો ઐતિહાસિક નિર્ણય શરુઆતમાં સહુને જચી ગયો હતો.પરંતુ તેનાથી આવનારા દિવસોની સ્થિતિ બાબતે નોટબંધીની થનારી અસરોથી કોઇ વાકેફ નહોતું.નોટબંધીના નિર્ણયોની સાથે સાથે વ્યવસ્થાપકોએ આચરેલી અનેક ભુલોને કારણે નિર્ણયની તરફેણ કરનારઓ મુંઝાઇ ગયા.સવારે કોઇ નિર્ણય આવે અને સાંજે બદલાય જાય.વારંવારના જુદા જુદા આદેશોને કારણે આદેશોની તરફેણમાં પાછા નિવેદનો આપવાના ચાલુ કર્યા.પરિણામે એવું લાગવા માંડ્યું કે નોટબંધીનો ઉતાવળે લેવાયેલ નિર્ણય હતો.ભારતીય રિઝર્વ બેન્કના આદેશો અને નાણાંમંત્રી દ્વારા અપાતાં નિવેદનો પ્રજા માટે મુશ્કેલીરુપ બન્યા હતા.

વડાપ્રધાને કેટલીક ચોખવટો પણ કરવી પડી કે પીએમઓ ઓફીસને મળી રહેલ માહીતીને કારણે કેટલાક આદેશોમાં ફેરફાર કરવામાં આવતા હતા.જેથી પીએમઓ,અને નાણાંમંત્રાલય વચ્ચે કો.ઓર્ડીનેશનનો અભાવ દેખાઇ આવ્યો.પરિણામે સરકાર અને રિઝર્વ બેન્ક બંને ટીકાપાત્ર બન્યા.નોટબંધી બાદ અનેક નિર્ણયો ઉતાવળે, સમજ્યા વગર લેવાયા. શરુઆતમાં રોજ નિયમો જાહેર થતા હતા તેથી એવું જણાતું હતું કે સરકાર નીતિ નિયમ મુજબ કાર્યરત છે.તે પોતાની જરુર મુજબ જ નિયમ બદલે છે તેવું માની લેવામાં આવ્યું. આજે જે નિર્ણયો લેવાય છે તે જોતાં લોકોમાં શંકા-કુશંકા જાગી છે. શક્ય છે કે સરકાર કે રિઝર્વ બેન્કને અહેલાવો મળ્યા હોય કે કેટલાક પોતાના નાણાં મોટા પ્રમાણમાં બેન્કોમાં જમા કરાવવા માટે માર્ગ શોધી રહ્યા છે પણ આ ચક્કરમાં તે તમામ લોકોના રસ્તા બંધ થઇ ગયા જે યોગ્ય ન થયું.જેની પાસે જમણાં હાથના નાણાં છે અને તે પરિશ્રમનો પૈસો છે તે ઠીક છે બેન્કમાં જે ઇચ્છે તેટલી રકમ જમા કરાવી શકે છે.પરિણામે સરકારનું ગણિત ઉંધુ પડ્યુ. શરુઆતમાં સરકારની આશા હતી કે યોગ્ય ધન બેન્કોમાં આવશે.અને કાળાં નાણાં પસ્તી બની જશે. પરંતુ એવું બન્યું નથી.સરકારની ધારણાં કરતાં વધુ રકમ બેન્કોમાં આવી છે.તેથી એવું માનવાને કારણ બને છે કે કાળાબજારીયાઓ કે ભ્રષ્ટાચારીઓએ કોઇપણ પ્રકારે હથકાંડા અપનાવીને તેમની રકમ બેન્કોમાં જમા કરાવી દીધી છે.

આ ઉપરાતં સરકારે ધારણા મુજબ લોકો વધુ પડતી નોટો બદલાવવા માટે બેન્કોમાં કતારમાં ઉભા રહી ગયા. પરિણામે સંકટ ઉભુ થયું. રાતોરાત નોટો છાપી શકાય તેમ નથી.આ બધાનુ પરિણામે એવું આવ્યું કે સરકારનો નિર્ણય લોકોમાં અણગમતો થવા લાગ્યો.

## મંતવ્ય

સરકાર ૩૦ ડિસેમ્બર પછી પ્રજા માટે કોથળામાંથી કેવું બિલાડુ કાઢે છે તેની રાહ જોવી રહી.પચાસ દિવસો પછી સરકારી ઘોષણાઓ નિષ્ફળ ગઇ છે. પ્રજાની હાડમારી વધી છે. હજુ લોકો કતારોમાં ઉભા છે. માત્ર વડાપ્રધાની વાહવાહી કરનારાઓની જમાત ખુશ છે એવુ દેખાઇ રહ્યુ છે.

નિખિલ વ્યાસ, અમદાવાદ


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ગુજરાત સરકારે દારુબંધીના મામલે વટહુકમ બહાર પાડી કાયદામાં સુધારાઓ દાખલ કર્યા

ગુજરાતમાં ગેરકાયદે દારુના વેપારના સામ્રાજ્યને નાબુદ કરવા,દારુબંધીના કાયદાનો કડક અમલ કરવા માટે થઇને રાજ્ય સરકારે વટહુકમ બહાર પાડ્યો છે.ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આ બાબતો જણાવી હતી.

ગુજરાત ગાંધીજીનું ગુજરાત છે એટલે જ ભાજપ સરકાર સ્પષ્ટપણે માને છે કે દારુબંધીના કડક અમલ માટે શક્યે એ તમામ પગલાં અને પ્રયાસો કરશે તેનું પ્રતિબિંબ આ નિર્ણયથી પડે છે તેવું જાડેજાએ કહ્યુ હતું.૨૦૦૯માં અમદાવાદમાં સર્જાયેલા લઠ્ઠાકાંડ પછી તત્કાલિન ભાજપ સરકારે નશાબંધીના કાયદામાં કેટલીક આકરી જોગવાઇઓ ઉમેરી હતી.આ પછી આ કાયદામાં વધુ કડક પગલાંની જોગવાઇઓ ઉમેરવાનું આવશ્યક જણાતાં આ વટહુકમ બહાર પડાયો છે.ખાસ કરીને દારુ પીને દંગલ કરનારા લોકો સામે હાલના કિસ્સામાં ૧ થી ૩ માસની કેદ અને રુ.૨૦૦થી ૫૦૦ના દંડની જોગવાઇમાં સુધારો કરાયો છે.હવે દારુ પીને દંગલ,હુમલો, છેડતી, મારામારી કરનારાઓને એક વર્ષથી ઓછી નહીં અને વધુમાં વધુ ત્રણ વર્ષની જેલની સજા કરવાની જોગવાઇ કરવામાં આવી છે.દારુનું વેચાણ,સંગ્રહ કે હેરફેર કરનારા તથા તેમાં મદદગારી કરનારા તમામ સામે ૩ થી ૧૦ વર્ષની સજા કરવાની જોગવાઇ ઉમેરાઇ છે.ત્યારે દારુના અડ્ડા જે પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ચાલતા હોય એની સામે કેવા પગલાં લેવાશે ? તેવા પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જાડેજાએ કહ્યુ હતું કે પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર જ નહીં પરંતુ તેના ઉપરી ડીસીપી કક્ષાના સુપરવાઇઝરી તમામ અધિકારીઓની જવાબદારી નક્કી કરતાં નિયમોનો પરિપત્ર ટુંક સમયમાં બહાર પડશે.

કેબિનેટમાં મંજુર થયેલા વટહુકમ મુજબ ગુજરાત રાજ્યમાં ક્યાંય પણ દારુના અડ્ડા ચાલતા હોય તેવા બુટલેગરો,તેના ફોલ્ડરીયા, મદદગારી કરનારાઓને વધુમાં વધુ સજા થાય એ માટે કલમ ૬૮ માં સુધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદ અને રુ.૧ લાખનો દંડ ફટકારાશે.દારુની હેરાફેરીમાં વપરાતા વાહનો રાજ્યસાત(કબજે)કરાશે. એટલું જ નહીં દારુ ખરીદનારા,પીનાર,વેચાણ અને હેરફેર કરતાં પકડાશે એની સામે હવે ૩ વર્ષની કેદ અને દંડની જોગવાઇ થશે.

દારુબંધીના કાયદાની સાથે સરકારે હુક્કાબારને પણ આવરી લેતાં તેમાં પણ કાયદાના ભંગ બદલ હવે એકથી ત્રણ વર્ષની જેલની સજા થઇ સકશે. દારુના કેસમાં જો પોલીસ કસુરવાર હશે તો પોલીસને પણ જેલની સજા થશે.૨૦૧૭માં આવનારી વિધાનસભાની ચુંટણીઓને ધ્યાનમાં લઇને રાજકીય ફળ મેળવવાનો આ પ્રયાસ છે.

# પતંજલિની ભ્રામક જાહેરાતો બદલ ૧૧ લાખનો દંડ ફટકારાયો

હરિદ્વારની એક સ્થાનિક કોર્ટે બાબા રામદેવની પતંજલિ આર્યુવેદની પાંચ પ્રોડક્ટ યુનિટને ભ્રામક જાહેરાત કરવા બદલ રુપીયા ૧૧ લાખનો દંડ ફટકાર્યો છે. એડિશનલ ડ્રીસ્ટીક મેજીસ્ટ્રેટ લલિત નારાયણ મિશ્રાની કોર્ટે કંપનીને એક મહિનામાં આ દંડ જમા કરાવવા કહ્યુ છે.૨૦૧૨માં પતંજલિની પ્રોડક્ટ તેલ,મીઠું,પાઇનેપલ જામ,બેસન અને મધની ગુણવત્તાની કસોટીમાં નિષ્ફળ નીવડ્યા હતા.દેશભરમાં ટીવી અને પ્રસાર પ્રચાર માધ્યમો દ્વારા જે રીતે જાહેરાતો કરીને ગ્રાહકો પર પ્રોડક્ટની ઉપર વિશ્વાસ કરવા માટે એક અભિયાન ચલાવાયું છે.એવું પણ સમાચારોમાં જાણવા મળ્યુ છે કે તેઓ દ્વારા વેચવામાં આવતી પ્રોડક્ટોમાં ઘણી ખરી તેમનું ઉત્પાદન નથી અન્યો તેમને માટે પુરવઠો આપે છે અને માત્ર પતંજલિનું લેબલ લાગી જાય છે. જ્યારે જાહેરાતમાં એવું કહેવાય છે કે તેમને ત્યાં પુરતી વ્યવસ્થા અને કસોટી બાદ પ્રોડક્ટને બજારમાં મુકવામાં આવે છે.

# લકી ગ્રાહક યોજના : ડીજી ધન વ્યાપાર યોજના નોટબંધી સામે ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા સરકારે જાહેર કર્યા ઇનામો

નોટબંધી પછી ડીજીટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે સરકાર ક્રિસમસથી ખાસ ઓફર લાવી રહી છે.તેમાં ગ્રાહકોને અને દુકાનદારોને રુ.૩૪૦ કરોડના મુલ્યના દૈનિક,સાપ્તાહિક તથા મેગા કેશ ઇનામ આપવામાં આવશે.લકી ગ્રાહક યોજના અને ડીજી ધન વ્યાપાર યોજનાની જાહેરાત કરતાં નીતિ આયોગના સીઇઓ અમિતાભ કાંતે જણાવ્યુ હતું કે બંને સ્કીમમાં રુ.૫૦થી લઇને રુ.૩૦૦૦ સુધીના નાના ટ્રાન્ઝેકશનને આવરી લેવાશે.જેથી સમાજના દરેક વર્ગના લોકો ડીજીટલ પેમેન્ટ તરફ વાળી શકાય.કાંતે આ યોજનાને ક્રિસમસ ગિફ્ટ ગણાવતાં કહ્યુ કે ૨૫ ડિસેમ્બરે આ યોજનાનો પ્રથમ લકી ડ્રો થશે. અને છેલ્લે ૧૪ એપ્રિલ,ડો આંબેડકરની જન્મ જયંતીએ મેગા ડ્રો યોજાશે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


માછલીઓની આંખો બે ફુટથી દુરની વસ્તુઓ જોઇ શકતી નથી. વિશ્વમાં મળી આવતાં સૌથી નાના ઓકટોપસની લંબાઇ અઢી સે.મી. હોય છે.


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ચલણમાં આવેલી નવી નોટો ભ્રષ્ટાચારમાં વપરાઇ રહી છે : વિદેશી મીડીયા

વડાપ્રધાન મોદી દ્વારા જાહેર કરાયેલ નોટબંધીના સંદર્ભે વિદેશી મીડીયાએ જણાવ્યુ છે કે નવી નોટોનો ઉપયોગ ભ્રષ્ટાચારમાં થઈ રહ્યો છે.વડાપ્રધાને કાળા નાણાં પર અંકુશ મુકવા માટે અને કરચોરોને પકડી પાડવા માટે ૮ નવેમ્બરે દેશના ચલણમાં રહેલા ૮૬ ટકા મુલ્યની ૫૦૦-૧૦૦૦ની નોટો બંધ કરવાનો નિર્ણય લીધો હતો.આ નિર્ણય છેક સુધી ગુપ્ત રહ્યો તેવો દાવો પણ કરાઇ રહ્યો છે.વડાપ્રધાનનો ઈરાદો પ્રમાણિક હોઈ શકે છે ,પરંતુ જે રીતે તાજેતરમાં નવી ચલણી નોટો થોકબંધ પકડાઇ રહી છે તે જોઈને એવું લાગે છે કે તેમનો હેતુ ગમે તેટલો પ્રમાણિક હોય પરંતુ તેમનો ઉદ્દેશ્ય પાર પડે તેમ લાગતું નથી.વિદેશી મીડીયામાં ચર્ચાઇ રહ્યુ છે કે નવી નોટો પણ ભ્રષ્ટાચારમાં ઉપયોગમાં લેવાઈ રહી છે.

નોટબંધીની શરુઆતના થોડાક અઠવાડીયા સુધી સામાન્ય નાગરિકને મળો તો તેઓ કહેતા હતા કે તેમની સામુહિક મુશ્કેલી અને અગવડતા ભવિષ્યને સારુ બનાવવા, ભ્રષ્ટાચાર અટકાવવા માટે વાજબી છે.તે વેઠી શકાય તેમ છે.પરંતુ હવે નોટબંધીની બીજા મહિનામાં તેમનો સુર બદલાઈ રહ્યો છે. નોટબંધી બાદ પોતના જ થોડાક રુપીયા માટે કલાકો સુધી લાઇનમાં ઉભા રહેલા લોકોને જ્યારે જ્યારે કરોડોની નવી ચલણી નોટો રોજ રોજ પકડાતી હોવાના અહેવાલો મળી રહ્યા છે ત્યારે તેમની ધીરજ ખુટી રહી છે.અને તેમને ખ્યાલ આવી રહ્યો છે કે ભ્રષ્ટાચારનો આવો ઉપાય હોય તો તેનો કોઈ અર્થ જ નથી.

માત્ર બે જ રાજ્યોમાં આવક વેરાના આંકડા જણાવે છે કે તેણે ૨૦૦૦ની આશરે ૨૦૦ કરોડથી વધુ ચલણી નોટો પકડી પાડી છે.આ બે રાજ્યો કર્ણાટક અને ગોવા છે.બિનહિસાબી જ્વેલરી અને ગોલ્ડ જે જપ્ત થયા છે તેનો કુલ આંકડો ૧૦૦૦કરોડ રુપીયાને પાર કરી જાય છે.

ભ્રષ્ટાચાર એટલી હદે ઘુસ્યો છે કે ૨૦૦૦ની નવી નોટો આવી કે તરત જ તે ઢગલામાં પકડાવા લાગી છે.સરકારે રોકડના ઉપાડ પર મર્યાદા લાદી હોવા છતાં તે છુટથી મળી રહી છે. દેશમાં બદલવા માટે લાખો લોકો એટીએમની બહાર લાઈનમાં લાગેલા છે.પરંતુ આ ઘટનાઓ એવો ભાર ઉભો કરે છે કે કાળા નાંણાની જુની સિસ્ટમ નવી નોટોમાં તેની જાતે જ ફરી શરુ થઈ ગઈ છે.જો કે સવાલ એ છે કે લોકો નવી ચલણી નોટોનો ખડકલો કેવી રીત કરી રહ્યા છે તે સવાલ છે.આમાં, રાજકારણીઓ,રિઝર્વ બેન્ક અને સ્થાનિક બેન્કોના કેટલાક કર્મચારીઓની સંડોવણી બહાર આવી છે.અનેક સામે કેસો પણ થયા છે.મામલો દેશહિતમાં ગંભીર હોવા છતાં રિઝર્વ બેન્કે તેના માણસોની સંડોવણીને ગંભીરતાથી લેતી નથી.તે આવા અધિકારીઓને જુનિયર ગણે છે.

બીજી જાણવાની વાત એ છે કે નોટબંધીથી ભ્રષ્ટાચાર દુર કરી દેવાશે તેવા દાવાને કારણે મોદીની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગી છે.પરંતુ હજુ તો મહિનો થયો છે. અને આવા મોટાપાયે નોટો પકડાતી હોવાથી તેમની પણ પ્રતિષ્ઠા ખરડાઈ છે.કેમકે આનાથી સિસ્ટમમાં ભ્રષ્ટાચાર પહોચ્યો હોવાની ખબર લોકોને પડવા લાગી છે.ભ્રષ્ટાચારના મુળિયાં મોદીએ વિચાર્યુ ન હોય તેનાથી પણ ઉંડા છે.હોશંગાબાદમાં સેન્ટ્લ સીટીમાં એક કારને પોલીસે અટકાવી હતી.જેમાંથી પાછળની સીટમાં કાળા કોથળામાં ૪૦ લાખની નવી નોટો હતી.કારની આગળની બાજુમાં સુવર્ણ અક્ષરે લખ્યું હતું પ્રેસિડેન્ટ, એન્ટી કરપ્શન સોસાયટી.

દેશભરમાં આવી કેટલીક બેનામી સંસ્થાઓ ઉભી થયેલી છે તેના પર સરકારે ખાસ નજર રાખવી જોઈએ. આવી સંસ્થાઓ તેમના સરકારી ભળતા નામોનો દુરપયોગ કરી રહી છે.ઈન્વેસ્ટીગેશ બ્યુરોના નામે કેટલીક સંસ્થાો છે. આ બધી સંસ્થાઓનો હેતુ માત્ર તોડ પાણી કરવાનો હોય છે.રાજકારણીઓ આવી કેટલીક સસ્થાઓમાં સક્રિય ભુમિકા ભજવતા હોવાને કારણે પોલીસ તેમની સામે કાર્યવાહી કરી શકતી નથી. પરંતુ જો સરકારે દેશહિતમાં ચોક્કસ કામો કરવા હોય તો કડક હાથે કાર્યવાહી કરવી પડશે.નોટબંધીના કારણે નવી નોટો ચલણમાં મુકવા માટે બેન્કોના કેટલાક નાના કર્મચારીઓ પણ ભ્રષ્ટાચારની ગંગોત્રીમાં પોતના હાથ ધોવામાં સફળ રહ્યા છે.



**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# નવસર્જન સહિત સાત એનજીઓના વિદેશી ફંડ માટેના લાયસન્સ રદ

અમદાવાદ સ્થિત કે જે દલિતો મધ્યે પોતાની કામગીરી બજાવે છે તેમજ શબનમ હાશમી દ્વારા ચલાવાતા એક સહિત સાત સ્વૈચ્છીક સંગઠનો(એનજીઓ) પર વિદેશી ભંડોળ સ્વીકારવા પર પ્રતિબંધ મુક્યો છે.તેમની સામે કથિત વિપરીત ઈન્ટેલીજન્સ અહેવાલોને પગલે તેમનું એફસીઆરએ લાયસન્સ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ફોરિન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ હેઠળ જે સંગઠનોનું રજીસ્ટ્રેશન રદ કરાયું છે તેમાં હાશ્મીના એકટ નાઉ ફોર હાર્મની એન્ડ ડેમોક્રેસી(અએનએચએડી)મારવાડ મુસ્લીમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, ગુજરાતના નવસર્જન ટ્રસ્ટ, રુરલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર,અમદાવાદ અને અન્ય ત્રણના પરવાના રદ કરવામાં આવ્યા છે.તાજેતરમાં તેમના એફસીઆરએ પરવાના રિન્યુ કરાય છે તે સંગઠનોની કામગીરીમાં તપાસ હાથ ધર્યા બાદ ગૃહમંત્રાલયે આ પગલું ભર્યું છે.નવસર્જન ટ્રસ્ટના માર્ટિન મેકવાને ઉનામાં દલિતોની થયેલી હત્યાના મામલે ગુજરાતભરના દિલતોને એકઠા કરવાનું કાર્ય કર્યુ હતું. પરિણામે દલિત સમાજ સરકારની વિરુધ્ધમાં ગયો હતો.પાટીદાર સમાજ અને દલિત સમાજનો વિરોધ આવનારી ચુંટણીઓમાં મોટો તફાવત સર્જી શકે છે. તેથી સરકારે આવા સંગઠનો સામે આકરા પગલાં લેવા પોતાનું મન મનાવ્યું છે.

ઈન્ડોનેશીયાના જંગલોમાં ટાગુઆન નામે ઓળખાતી બે ફુટ લાંબી ઉડતી ખિસકોલીઓ હજાર ફુટનું અંતર ઉડતા ઉડતા કાપે છે.

ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઈ શકતા.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

# નોટબંધીના નિર્ણયબાદ થોડાક લોકો પાસેજ નહી નોટો કેવી રીતે આવે છે ? સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે નોટબંધીના ૩૭ દિવસ બાદ ટીપ્પણી કરી હતી કે દેશભરમાં બેન્કો અને એટીએમમાંથી નોટ મળવામાં હાડમારી પડી રહી છે.અને લાઈનો ઓછી નથી થઈ અને બીજી તરફ કેટલાક ગણ્યા ગાંઠ્યા લોકો પાસેજ નવી નોટોના બંડલો કેવી રીતે આવી જાય છે તેવો સવાલ સુપ્રીમ કોર્ટે સરકારને કર્યો હતો.સુપ્રીમ કોર્ટે નોટબંધીના મામલે વચગાળાની રાહત આપવા અંગે કરાયેલી અરજી પરની સુનાવણીમાં આ સવાલ કર્યો હતો.સુપ્રીમે સવાલ કર્યો કે ફક્ત અમુક લોકો પાસે જ નવી કરન્સી કેવી રીતે આવી જાય છે. લોકોને ૨૪ હજાર એક સપ્તાહમાં મળતા નથી. કોર્ટે સરકારને તેણે બહાર પાડેલા વટહુકમ પ્રમાણે સપ્તાહમાં રુપીયા ૨૪૦૦૦ની મર્યાદાને વળગી રહેવા માટે જણાવ્યુ હતું.

ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુર,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને ડી.વાય.ચંદ્રચુડની બનેલી ખંડપીઠે સરકારને એવો પણ સવાલ કર્યો કે શા માટે સરકારી હોસ્પીટલોમાં જુની નોટોને પરવાનગી આપવામાં આવતી નથી.કોર્ટના સવાલોના જવાબમાં સરકાર વતી ઉપસ્થિત રહેલા એટર્ની જનરલ મુકુલ રોહતગીએ એવી બાંહેધરી આપી હતી કે થોડા દિવસમાં બધું ઠીક થઈ જશે.

# હાઇવે પર થતાં અકસ્માતોને કારણે હાઇવે શરાબની દુકાનો બંધ કરવા સુપ્રીમ નો આદેશ

સુપ્રીમ કોર્ટે દેશભરમાં રાષ્ટ્રીય ધોરી માર્ગો અને રાજ્યના ધોરીમાર્ગો પર આવેલી તમામ શરાબની દુકાનો પર પ્રતિબંધ મુકવાનો આદેશ આપ્યો હતો.આગામી વર્ષના માર્ચથી શરાબની હાલની દુકાનોનું લાઈસન્સ પણ રીન્યુ નહીં કરવા માટેનો નિર્દેશ આપ્યો હતો.ચીફ જસ્ટીસ ટી.એસ.ઠાકુરના વડપણ હેઠળની ત્રણ સભ્યોએ આદેશ આપ્યો હતો કે ૩૧ માર્ચ ૨૦૧૭થી રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર શરાબની દુકાનો પર પ્રતિબંધ મુકવામાં આવે.ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે સુપ્રીમે માર્ગ અકસ્માતોમાં દર વર્ષે ૧.૫ લાખથી વધુ હોનારતો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.ત્યારે જ તેણે કહ્યુ હતું કે રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર શરાબની દુકાન પર પ્રતિબંધ મુકવાનો તે નિર્દેશ આપી શકે છે.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# પાકિસ્તાની કલાકારોને હાંકી કાઢવા માટે શિવસેનાએ ફરી મુદ્દો ગરમ કર્યો

શિવસેનાએ પાકિસ્તાની કલાકારોનો મુદ્દો ફરી ગરમ કર્યો છે. તેણે આ મુદ્દાને અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એચ-૧બી વિઝા અંગેના નિર્ણય સાથે જોડી દીધો છે અને પ્રશ્ન કર્યો છે કે શું વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટ્રમ્પને અનુસરીને સન્સ ઓફ સોઈલ(આ ધરતીના સંતાન)ના રોજગારનું રક્ષણ કરશે કે કેમ અને તેમનો રોજગાર છીનવી રહેલાં પાકિસ્તાની કલાકારો સામે પગલાં લેશે કે કેમ ?

શિવસેનાએ તેમના મુખપત્ર સામનાના તંત્રીલેખમા લખ્યું છે કે પાકિસ્તાની કલાકારો, ટેકનીશ્યનો અને ટીવી કલાકારો ભારતમાં આવીને કમાણી કરે છે. તે લોકો સ્થાનિક કલાકારોનો રોજગાર છીનવી રહ્યા છે. શું ભારત ટ્રમ્પ જેવી નીતિ અપનાવીને એવુ કહેશે કે પાકિસ્તાનીને ભારતીયોની નોકરી છીનવવવા નહીં દેવાય ? ટ્રમ્પે તાજેતરમાં કહ્યુ હતું કે ભારત સહિતના દેશોમાંથી એચ-૧બી વિઝા મેળવીને અમેરીકામાં જે લોકો કામ કરે છે તેમને અમેરિકનોની નોકરી છીનવવા નહીં દેવાય.પાકિસ્તાનનો મુદ્દોઓ ઉભા કરીને શિવસેના મહારાષ્ટ્રમાં પોતાની રાજનીતિ ચલાવે રાખી છે.પાકિસ્તાન હોય,તેની રાજનીતી,તેની સરહદો,તેના કલાકારો વિગેરે મુદ્દાઓએ તેમને રાજકીય ગરમાવો આપ્યો છે.

# 'વરદા'ના ચક્રવાતે ચેન્નાઇને અસ્તવ્યસ્ત કરી દીધું

તામિલનાડુની રાજધાની ચેન્નાઈ તેમજ આંધ્રપ્રદેશના સાગરકાંઠાના વિસ્તારો માં તેજ રફતાર સાથે ત્રાટકેલા વરદાનામના વાવાઝોડાએ જનજીવન અસ્તવ્યસ્ત બનાવી દીધું હતું.તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં તેજ ગતિથી ફુંકાયેલ પવનને કારણે વ્યાપક નુકશાન પહોચ્યું છે.ચેન્નાઈમાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પુર જેવી પરિસ્થિતિ પેદા થઈ હતી.સેકડો ઝાડો મુળમાંથી ઉખડી ગયા હતા.વીજળીના થાંભલાઓ ઉખડી ગયા હતા.

ભારે પવનને કારણે વરસાદ ખેંચાઈ આવ્યો હતો અને તેને કારણે પરિસ્થિતિ બગડી હતી.તંત્રએ લોકોને બહાર નિકળવાની મનાઈ કરી હતી.વાવાઝોડાને કારણે ૭થી વધુ મોત નિપજ્યા હતા.વાવાઝોડું એટલું શક્તિશાળી હતું કે રસ્તાઓ પરના વાહનો ઊંધા પડી ગયા હતા.૧૯૯૪ પછી ચેન્નાઈના કાંઠે ત્રાટકેલું આ પહેલું વાવાઝોડું હતું.હવામાન ખાતાએ જાણ કરી હતી કે તેમની અપેક્ષા મુજબ વરદા સાગરકાંઠાને પાર કરી ગયું હતું.વાવાઝોડામાં થયેલા ભારે નુકશાનને કારણે લોકો રોડ ઉપર પડેલા ઝાડોને કાપી દુર કરવામાં સરકારી તંત્રને મદદ કરી હતી. ચેન્નાઈને પાર કરીને ગયેલું વાવાઝોડું ગોવા પરથી પસાર થશે તેવી ચેતવણી હવામાન ખાતાએ આપી હતી.

# રણજી ટ્રોફીની ક્વાટર ફાઇનલમાં ગુજરાતના સમિત ગોહિલના ઐતિહાસિક ૩૫૯

ગુજરાતના ઓપનીંગ બેટસમેન સમિત ગોહિલે રણજીની ક્વાટર ફાઈનલમાં ઓડીશા સામે રમતાં ૩૫૯ રનનો વિરાટ સ્કોર કર્યો હતો.૧૧૭ વર્ષ જુનો રેકોર્ડ પણ પોતના નામે કર્યો હતો.આ સાથે ગુજરાતે સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.વર્તમાન સીઝનમાં પાંચ ત્રેવડી સદી નોધાઈ હતી. જેમાં બે ગુજરાતના બેટ્સમેને ત્રવેડી સદી નોધાવી છે. સમિત ગોહિલ ઉપરાંત પ્રિયાંક પંચાલે પણ ત્રેવડી સદી નોધાવી છે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ગુજરાતમાં દારુબંધીનો કડક અમલ સામે તેની નિષ્ફળતા પાછળ ક્યા જવાબદાર પરિબળો છે ?

ગુજરાતમાં દારુબંધીને વિકાસ સાથે જોડી દેવાય છે.ક્યારે મહાત્મા ગાંધીના નામ સાથે જોડી દેવાય છે.તો ગુજરાતની સમૃધ્ધિ પાછળ તેનો હાથ છે કહીને જાહેરમાં નેતાઓ પોરસાય છે.પરંતુ ખરેખર ગુજરાતમાં દારુબંધી છે ? ગુજરાતમાં કેટલો દારુ વેચાય છે તેનો હિસાબ માડીએ તો વાર્ષિક બજેટમાં જેટલાં નાણાંની જોગવાઈ સરકાર પોતાના માટે કરે છે તેના કરતાં મોટું બજેટ દારુના વેચાણનું છે એવું કહેવાય છે . આ બાબતે અતિશયોક્તિ હોઈ શકે છે પરંતુ ખરેખર જોઈતો વિશાળ નેટવર્ક ધરાવતો આ ધંધો અનેક લોકોનું કલ્યાણ કરે છે.જેમનું કલ્યાણ કરે છે તે પાછા નાના મોટા તો નથી જ પરંતુ સૌથી મોટા સત્તાધારી લોકો જ છે જેના કારણે ગુજરાતમાં દારુબંધી સફળ થઈ નથી.

ગુજરાતની સ્થાપના થઈ ત્યાર બાદ અનેક વાર લઠ્ઠાકાંડ થયા અને હજારો લોકો તેનો ભોગ બન્યા. કારણકે નીચલા વર્ગના લોકો જેમને નશાનું બંધાણ છે તેઓ સસ્તો દારુ મેળવવા માટે આવા પ્રકારનો દારુ પીવાથી પોતાનો જાન ગુમાવે છે. જ્યારે ધનવાન વર્ગ પોતના પૈસાના જોરે આરોગ્યના ધારાધોરણો મુજબ પરમીટ મેળવી લે છે.અને એવું કહેવાય છે કે પરમીટ આપનારા ભરપુર નાણાં લઈને પરમીટ તમારા ઘર સુધી પહોચાડી દે છે.જેમની પાસે નાણાં છે તેમને કોઈપણ જાતની તકલીફ પડતી નથી.

નાણાંના જોરે ધનિકો ફાર્મ હાઉસોમાં પોતાના મિત્રમંડળ સાથે આવી મહેફીલો સજાવે છે.તાજેતરમાં વડોદરા ખાથે અખંડ ફાર્મહાઉસમાંથી રેઈડમાં પકડાયેલા તમામ લોકો ઉચ્ચ વર્ગમાંથી આવતાં ધનિકો,ઉદ્યોગપતિઓ હતા.જેઓ લગ્ન પ્રસંગના નામે શરાબની મહેફીલ માંણી રહ્યા હતા.વડોદરામાં કોર્પોરેટ જગતમાં ભુકંપ લાવનારી આ દારુની મહેફીલ પર પોલીસના દરોડાના હજુ પણ ઊદ્યોગકારોમાં આંચકા આવી રહ્યા છે.આ દરોડાનો જે રીતે પ્રચાર અને પ્રસાર થઈ રહ્યો છે તે જોતાં એવું લાગે છે કે આ 'કોર્પોરેટ ગેંગવોર 'હોય તેવુ લાગે છે.

પોલીસે રેડમાં અનેક જાણીતા ઉદ્યોગપતિઓની ધરપકડ કરી હતી.આ મોટાભાગના ઉદ્યોગપતિઓ વડોદરાના એક જુથના ઉદ્યોગપતિઓ હતા.જેમનો કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓ પર દબદબો હતો.હવે ઊદ્યોગપતિઓની બે લોબીઓ વચ્ચે કેટલીક સંસ્થાઓ પર પ્રભુત્વ મેળવવા માટે બેઉ જુથો મરણીયા બન્યા છે.કેટલાક રાજકારણીઓના છુપા આર્શીવાદને કારણે કેટલાક જુથોના લોકો વધુ શક્તિશાળી બની ગયા છે. જો કે દારુબંધીના કડક કાયદાના અમલ માટે પ્રયાસ કરનાર મુખ્યમંત્રી અને પોલીસ કેટલા અંશે એમાં સફળ થાય છે તે જોવાનું રહ્યું.પોલીસ રાજકારણીઓના બળ સામે ઝઝુમે તેવું લાગતુ નથી.પરંતુ એક વાત નક્કી છે કે ગમે તેવા કાયદાઓ દારુબંધી અંગે કરવામાં આવે પરંતુ તેનો અમલ શક્ય નથી. માત્ર નાના માણસો માટે આ નિયમથી થોડી તવાઈ આવશે.પરંતુ કડકાઈથી ભ્રષ્ટાચાર વધશે તેમાં પણ શંકા નથી.

સરકારે ગુજરાતમાં દારુબંધી અંગે રીટાયર્ડ જજનું એક પંચ નીમ્યુ હતું. જેનો રીપોર્ટ જાહેર થયો નથી.પરંતુ પંચ લોકોની દારુબંધી નાબુદ કરવાની છે તેવા નિષ્કર્ષ પર પહોચી હતી.પરંતુ ગુજરાતમાંથી દારુબંધી ઉઠાવવાની કોઈપણ સરકાર હિંમત કરી શકે નહી.સહુ મોટી દારુબંધી નડી શકે તો તે રાજકારણીઓ અને પોલીસ તંત્રને સહુથી મોટું નુકશાન થાય તેમ છે તેથી ગુજરાતમાંથી દારુબંધીના માત્ર કડક કાયદાઓ જ થઈ શકશે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# નોટબંધીથી ખરડાયેલ સરકારની ઇમેજ સુધારવા આવકવેરામાં ઘટાડો કરવાની શક્યતાઓ

નોટબંધીથી સરકારની ખરડાયેલ ઈમેજને સુધારવા માટે નવા બજેટમાં સરકાર આયકરમાં ભારે સુધારા કરીને પ્રજાને ખુશ કરવા પ્રયત્નો કરશે તેવા આસાર દેખાઈ રહ્યા છે. નોટબંધીની ખરાબ અસરો ટાળવા સરકારે સંખ્યાબંધ નિર્ણયો બદલ્યા પણ તેનાથી તેમની ઈમેજ વધુ બગડી છે. હવે કરવેરામાં સુધારા કરીને આબરુ બચાવવા પ્રયત્ન કરાશે.

# 2 લાખ એટીએમ પૈકી માત્ર ૩૫ ટકાજ કાર્યરત

ભુતપુર્વ નાણાંમંત્રી પી.ચિદમ્બરમે જણાવ્યુ હતુ કે દેશમાં ૨ લાખ એટીએમ છે. જે પૈકી માત્ર ૩૫ ટકા જ કાર્યરત છે.૬૫ ટકા એટીએમ બંધ છે. હું તીરુપતિ ગયો હોત જ્યાં મોટાભાગની તમામ બેન્કોની બ્રાંચ અને એટીએમ છે.જે તમામ બંધ હતા.૧૦૦૦ નોર્થ ઈસ્ટમાં છે.૩૫૦૦ એટીએમ આસામમાં છે.બાકીના નોર્થ ઈસ્ટના બીજા રાજ્યોમાં છે.એકમાં પણ પૈસા નથી.લોકો કેવી રીતે કામ ચલાવશે.બિહાર અને ઝારખંડમાં ૨૦-૨૦કી.મી.દુર બેન્ક આવેલી છે.લોકો કેવી રીતે નોટો લેવા ત્યાં જશે.

હવે તો એટીએમમાંથી પણ ૨૦૦૦ રુપીયાની નકલી નોટો નિકળતી થઈ ગઈ છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## અમારા તમામ ગ્રાહકો અને વાચકોને નવા વર્ષની પ્રેમી સલામ

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.